# મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ

## રેફરન્સ (T) નં.૪૯૨/૨૦૧૫

**આંક−૩૯**

**પ્રથમ પક્ષકાર :−**　**માલિકશ્રી, રમેશભાઈ મગનજી ચૌહાણ**
**સામાવાળા**　**સમય સંજોગ સાપ્તાહિક સમાચાર,**
ઠે.૧/૨૭૭, લક્ષ્મીપુરા ગામ, જુના બળીયાદેવ મંદિર પાસે,
લાંભા, અમદાવાદ.

**− વિ રૂ ધ્ધ −**

**બીજા પક્ષકાર :−**　**પ્રોબેશકુમાર ગીરૂભાઈ બાપુ**
**અરજદાર**　રહે−૩, રાધી કાનગર સોસાયટી, ભરવાડ વાડ પાસે,
લાંભા, અમદાવાદ.

**વિષય −**　**આઈ.ડી.એકટની કલમ−૧૦(૧)(સી) મુજબ ઔધોગિક વિવાદ**
હાજર રહ્યાઃ　પ્રથમ પક્ષકાર તરફે :− વિ.વ.શ્રી આર.આર.શાહ
બીજા પક્ષકાર તરફે :− વિ.પ્રતિનિધિ શ્રી આર.કે.થાપા

**−: એ વો ર્ડ :−**

મદદનીશ શ્રમઆયુકત,અમદાવાદ સમક્ષ બીજા પક્ષકારે ફરીયાદ કરતા તેમાં સમાધાન ન થતા તેમના તા−૨૯/૭/૨૦૧૫ ના હુકમ ક્રમાંક : નાશ્રઆ/આ.વિ./ વિભાગ−૪/આઈડીઆર નં.૨૧૧/૨૦૧૫/૨૩૯૨૨ થી બીજા પક્ષકારે ઔધોગિક વિવાદ ધારાની જોગવાઈઓ અનુસાર સીધી મજુર અદાલતમાં અરજી કરવાનું જણાવતા બીજા પક્ષકાર **શ્રી પ્રોબેશકુમાર ગીરૂભાઈ બાપુ** નાએ મજુર અદાલતમાં કેસ દાખલ કરતા અત્રેની અદાલતમાં આગળની કાર્યવાહી અર્થે સુપ્રત કરેલ છે.

ત્યારબાદ આ કામની કાર્યવાહી ચાલતી હતી તે દરમ્યાન બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીએ આંક−૩૮ થી પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે અને સદરહું તકરારનો કાયમી ધોરણે અંત આણેલ હોઈ સદરહું કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ પરત ખેંચવા અરજ કરેલ છે. સદરહું વિડ્રો પુરસીસ નોંધવામાં આવેલ છે અને તે મુજબ સદરહું કેસ ફેંસલ કરવામાં આવે છે. પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

**તારીખઃ ૧૪−૦૯−૨૦૨૪**
**સ્થળઃ અમદાવાદ .**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ )**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

NAREDRA PATEL, P.A.